# पाठक रुघपति-कृत सुगणबत्तीशी ॥

सं. सा. समयप्रज्ञाश्री

'सुगणबत्तीसी' नामनी मारवाडी भाषानी आ रचना, खरी रीते वैराग्यप्रेरक रचना छे. बूढापो एटले के वृद्धावस्था केटली वसमी होय छे, अने ते अवस्थामां माणसे केवी तो लाचारी तथा पराधीनता वेठवी पडे छे, तेनुं हृदयवेधक बयान आ बत्तीसीमां थयुं छे. कोई एक वृद्ध मनुष्य पोतानी लाचारीनुं स्वमुखे वर्णन करतो जाय अने श्रोताओ दिग्मूढ बनीने ते सांभळता होय, तेवुं वातावरण आ वर्णन थकी नीपजाववामां कर्ताने धारी सफलता सांपडी शकी छे. आपणे थोडी वानगी चाखीए:

'हुं जाणतो हतो के मने लाखेणो हीरो जड्यो छे, पण ए तो साव खोटो नीकळ्यो ! में 'आ मारी ज छे' एम मानीने सरस युवती साथे लग्न कर्यां, तेणे घर पर कबजो लई लीधो–घरवाळी बनीने; अने पछी (मारा) धन पर मालिकी-हक जामतां ज मारा तरफथी मों फेरवी लीधुं !' (क. २-३). पहेलां तो ए मने जमाड्या विना जमती पण नहीं एवी पतिपरायण हती, पण (बधो हक हाथमां आवतां) हवे ते बधुं वीसरी बेठी छे ! (क. ४). हवे मारे माटे बे टंके मकाईनी खाटी घाटडी ज होय छे; मेवा मीठाई तो तेना पुत्र–पौत्रो माटे ज होय (क.५ छोकरा तो मारा ज; में ज मोटा कर्या; ने हवे पोतानो धन-भाग लईने छूटा थई गया छे; वहुओ पण मूळे खानदान हती, पण धन हाथमां आवतां ज पोताना पति (मारा पुत्रो) ने लई जुदी जती रही छे; मारा माटे ए दिशा बंध ! (क.६-७)

पहेलां तो ५-७ गाऊनो पंथ रमतमां चाली नाखतो; ने हवे तो घरना आंगणा सुधी चालवानुं य अशक्य दीसे छे ! (क. १०). जीभ, नाक, कान, आंख बधी इन्द्रियोनी शक्ति ओसरी चुकी छे (क. ११-१४). घरना दरवाजे बेठो रहुं छुं. मारी सत्ता बधी गुमावी बेठो छुं. हवे 'तमे शुं जमशो ? शुं पहेरशो ?' एटलुं पण कोई पूछतुं नथी मने ! (क. १५). वाते वाते मारो साथ शोधनारां स्वजनोने आजे तो मारी सामे जोतां ज सूग थाय छे ! (क. १६). संसारनी आ स्वार्थी रीत हुं न समज्यो लोभने लीधे, अने में जिनवाणी न ज

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सांभळी ! (क. १७). हवे तो गोळमां पडेली माखी जेवो के पाणीमां डूबाडेल कंबल जेवो मारो घाट थयो छे ! हुं नीकळी शकुं नहिज. (क. १९-२०). 'नाजनुं धन नाजमां, व्याजनुं व्याजमां अने राजनुं राजमां' एवुं ऊखाणुं तो सांभळेलुं, पण लोभनो मार्यो हुं तेने अवगणतो ज रह्यो ! (क. २३).

आम वैराग्यबोधक उपदेश छेक सुधी वर्णवायो छे, जे जीवनना वास्तवनुं भान करावी जाय छे. ३२मी कडीमां 'सुगण-सुगुण जनने' समजाववा माटे आ बत्रीशी रची होवानुं रचयिता रुघपति पाठक जणावे छे. 'पाठक रघुपति' ए मूळ नाम छे. ते स्थानकवासी अथवा तेरापंथी परम्पराना होय तेम अनुमान थाय छे. लेखन वर्ष सं. १८८६ छे, एटले ते पूर्वेनी आ रचना छे.

मने जडेल एक पानांनी आ प्रत उपरथी आवड्युं तेवुं सम्पादन करीने मोकल्युं छे. भूलचुक होय तो ध्यान दोरवा विद्वान् पुरुषोने प्रार्थना करुं छुं.

## सुगणबत्तीसी ॥

सुगण बूढापो आवियौ, लखीयो नही भाई ।
रात दिवस दंधै रह्यो, केई कीध कमाई ॥१॥ सु.
माहरी कर कर मांनतौ, मद धरतौ मोटो ।
जांण्यो थी हीरो लाखरो, नींकलियौ खोटो ॥२॥ सु०
तरुणी परणी हाथरी, घरणी घर हेर्यो ।
धन ऊपर मन धारियौ, मोसुं मन फेर्यो ॥३॥ सु०
जीम्यां विण नही जीमती, पति-भगति नारी ।
जी-जी करती जीमती, विधि तेह विसारी ॥४॥ सु०
स्युं पालै बेटा पोतरा, मनगमतै मेवै ।
मोनै खाटी घाठडी, दोय टंकै देवै ॥५॥ सु०
मोटा बेटा माहरा, मोसुं हूआ मोटा ।
ले ले धन लोंठापणै, सहु हूआ जूवा ॥६॥ सु०
कुलवंती बेटाबहू धन दे दे आंणी ।
ले बेटा अलगी रही, कीधी दिस कांणी ॥७॥ सु०
छोटो मो भेलो रह्यो, तेहनी पिण नारी ।
बोलै ओछा बोलडा, अजे नाई बारी ॥८॥ सु०

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सागी वय बालक तणी, फिर पाछी आई ।
कहितां लागें कारिमौ, लकडी पकडाइ ॥९॥ सु०
पांच सात कोसां तणो, कदे पंथ न गणीयो ।
आज समो घरि अंगणो, मोसुं जाय न मिणीयो ॥१०॥ सु०
गाहा दूहा गीतडा, पढतो अणपारें ।
हिवणां ते मुझ जीभडी, अष्यर न उच्चारें ॥११॥ सु०
सुरंभ तेल चंपेलरी, कॅरि देतो परिष्या ।
हिवणां लेखैं माहरइ, सहि लागें सरिखा ॥१२॥ सु०
नयणें हुं नग परखतो, निरखो घरनारी ।
दूरी ठीक न का पडैं, मिटी ज्योति करारी ॥१३॥ सु०
राग रंग सुणतां समो, सुरसुं कहि देतो ।
कान लग्यो वातां करैं, तौही होय न चेतो ॥१४॥ सु०
बारोडी बैठो रहुं, खिलवत सहु खोई ।
स्युं खास्यों स्यों ओढस्यों, युं न कहैं कोई ॥१५॥ सु०
सेंण संबंधी आपणा, पल पलमें मिलता ।
सूगालो हिव देखनै, ते जायै टलता ॥१६॥ सु०
स्वारथी यै संसाररी, मैं पैठ न जांणी ।
लोभ तणैं वस लागनैं, न सुणी जिनवांणी ॥१७॥ सु०
गति सारैं मति ऊपजैं, रागादिक रोधी ।
कोइक पछतावो करैं, वुधवंत सुबोधी ॥१८॥ सु०
सुघडपणैं सुलझ्यो नही, भ्रम भूलो भाई ।
गुलमें माखी गड रही, नीकलन न पाई ॥१९॥ सु०
मौडी खबर पडी मुनें, कांई हिव कीजैं ।
कांबल अतिभारण हुई, ज्युं ज्युं जलभीजैं ॥२०॥ सु०
पोसै पडकमणै समैं, न सक्यो परवारी ।
घर घर हुं रुलतो फिर्यो, क्रम बांध्या भारी ॥२१॥ सु०
नाज तणौ धन नाजमैं, व्याजै व्याज अडायो ।
राज कमायो राजमै, नीसरण न पायो ॥२२॥ सु०

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ए ओखाणो आगलो, श्रवणे थी सुणीयो ।
पिण तीने लालच लग्यां, गिणती नही गिणीयो ॥२३॥ सु०
कीधौ लोकारै कीयै, मैं पाप कमायो ।
आडो म्हांरे आवसी, चेतो चितमांहे ॥२४॥ सु०
पायो थी माणसपणो, निकमो नीगमीयो ।
जांणे काग उडावतां, चितामण गमीयो ॥२५॥ सु०
ममता लागै में कियो, हुं कहितो माहरो ।
सो तो दीसे पारको, में पाप वधार्यो ॥२६॥ सु०
पाप कमायो पापरै, लेखै सहु लागै ।
दरमाटी लागी दरै, स्युं सुणतौ आगइ ॥२७॥ सु०
ध्रम लेखै खरच्यो नही, में पइसौ हाथे ।
हिवणां सहु परवस थयो, स्युं चलसी साथे ॥२८॥ सु०
धरम सखाई जीवरो, ते में हिव जांण्यो ।
पिण जांण्यां कासूं हिवै, पहिली न पिछांण्यो ॥२९॥ सु०
एक घडी आधी घडी, जिनवरने जापै ।
सरदहणा सुध राखतां, भवभ्रमणसु भाजै ॥३०॥ सु०
इण भवमें अनुमोदनां, करतां निसतारो ।
ए श्रीजिनवर वचन छै, सिद्धांत संभारो ॥३१॥ सु०
सुगुणांनै समझावणी, बत्तीसी एह ।
**पाठक श्रीरुघपति** कहै, सुणज्यो ससनेह ॥३२॥ सु०

इति श्रीसुगणबत्तीसी संपूर्ण ॥ सं. १८८६ फा. व. ५ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## सुगणबत्तीसी-शब्दकोश

| कडी क्र. | चरण क्र. | शब्द | अर्थ |
|---|---|---|---|
| १ | ३ | दंधै | धंधामां |
| २ | ३ | थी-' | स्त्री-पत्नी |
| ३ | २ | हेर्यो | हाथ कर्युं-कबजे कर्युं |
| ५ | ३ | घाठडी | मक्काई-छाशनी वानगी |
| ८ | १ | मो भेलो | मारी भेगो |
| १० | ४ | मिणीयो | मपावुं (आंगणा सुधी जवुं अशक्य) |
| ११ | २ | अणपारै | अपार/घणां |
| १२ | १ | सुरंभ | सुरभि-सुगंध |
| १४ | २ | सुरसुं | सूर सहित के सूर उपरथी |
| २१ | ४ | क्रम | कर्म |
| ३० | ३ | सरदहणा | सद्दहणा-श्रद्धा |
| ३१ | २ | निसतारों | निस्तार करो / तरी जाव |
| १५ | १ | बारोडी | बारी पासे/ बारणे |
| १७ | २ | पैठ | रीत (?) |
| २२ | १ | नाज | (?) |
| २३ | १ | ओखाणो | ऊखाणुं |
| २५ | २ | निकमां | नकामुं / व्यर्थ |
| २७ | ३ | दरमाटी | दरनी माटी |

★

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org